જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૮/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૨૨૬/૨૦૨૫**

ઓઢવ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૩૬/૨૦૧૮ ધી ઇમોરલ ટ્રાફીક (પ્રીવેન્શન) એક્ટ ૧૯૫૬ ની કલમ ૩, ૪, ૫, ૯ મુજબ તથા સેશન્સ કેસ નંબર ૯૪૫/૨૦૨૫ ના ગુનાના કામે આરોપી (૧) ગોવિંદસિંહ સોહનસિંહ ચૌહાણ (ઉ.વ.૨૪)(રહે.મિલન પેલેસ હોટલમાં, માતંગી ટ્રાન્સપોર્ટની પાસે, પાણીની ટાંકીની સામે, ભીક્ષુક ગૃહ બસ સ્ટેશન ઓઢવ અમદાવાદ શહેર) તથા આરોપી (૨) શંભુસિંગ ચંદનસિંગ રાવ (ઉ.વ.૩૦)(રહે. મિલન પેલેસ હોટલમાં, માતંગી ટ્રાન્સપોર્ટની પાસે, પાણીની ટાંકીની સામે, ભીક્ષુક ગૃહ બસ સ્ટેશન ઓઢવ અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂં નાસતા–ફરતા હોય એડી.સેશન્સ નામદાર જજ શ્રી એસ.આર.સાંગાણી સાહેબ, ન્યાયાધીશ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨૨ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૩ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૭ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૪૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૨૯/૨૦૨૫**

ઘાટલોડીયાઃ મહેશચંદ્ર વસંતરાય જોશી (ઉ.વ.૭૩)(રહે, મંગલમુર્તી અપાર્ટમેન્ટ, ટેલીફોન એક્ષચેન્જ પાસે, નારણપુરા) એ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૫ સવારના ૮/૩૦ થી ૯/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ન્યુઝપેપરમાં ચાલતી સોના–ચાંદી સિક્કા જીતો સ્પર્ધામાં વિજેતામાં પોતાનુ નામ આવેલ હોઇ, પાંચ દિવસ થઇ જતા કોઇ ફોન ના આવતા ગુગુલમાં સ્પર્ધાના વિજેતાના ઇનામ માટે સર્ચ કરતા, ગુગલ ઉપરથી મળેલ નંબર ઉપર કોલ કરતા, અજાણ્યા મોબાઇલ નંબર ૭૨૦૫૪૬૯૫૩૭ ના ધારકે સામેથી કોલ કરી જણાવેલ કે "તમે સ્પર્ધામાં વિજેતા થયેલ છો અને તેની રકમ તમને તમારા પેટીએમમાં મોકલવાની છે જેથી તમે તમારૂ પેટીએમ ઓપન કરો" તેમ કહેતા મહેશચંદ્ર જોશીએ કોલ કરનારના કહ્યા મુજબની ઓનલાઇન પ્રોસેસ કરતા, મહેશચંદ્ર જોશીના બે અલગ–અલગ બેંકોના ખાતામાંથી અનુક્રમે ૩૦,૧૪૬/– અને ૭૧,૯૯૦/– ના ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૧,૦૨,૧૩૬/– મેળવી લઇ મહેશચંદ્ર જોશી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ વિનીતકુમાર પવનકુમાર અગ્રવાલ (ઉ.વ.૪૬)(રહે.રાધેશ્યામ કુંજ, કર્ણાવતી કલબની બાજુમાં મોહમદપુરા ગામ) એ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૨ થી તા.૧૨/૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) "એચ.એસ.એન્ટરપ્રાઇઝ"ના માલીક હિમાંશુ દુઆ (રહે.ચવાની મહોલ્લા, લુધીયાણા પંજાબ તથા મનાસિંગની કોઠી અરીવાલી ડેનીમ મનાસિંગનગર લુધીયાણા પંજાબ) (૨)"ડી.જી.ગારમેર્ટસ" ના માલીક સાહિલ ગર્ગ (રહે.મનાસીંગનગર ચવાની મહોલ્લા, લુધીયાણા પંજાબ) અને (૩) દલાલ– "શ્યામ એજન્સી" ના માલીક સંદીપ ગુપ્તા (રહે.સેકન્ડ ફ્લોર આલ્ફા ટાવર બ્રાઉન રોડ લુધીયાણા પંજાબ) એ ભેગામળી વિનીતકુમાર પાસેથી કુલ કિંમત રૂપિયા ૧,૪૨,૨૫,૩૨૧/– નો જથ્થાબંધ શુર્ટીંગ કાપડનો માલ ઉધારીમાં ખરીદ કરી, તે માલનુ પેમેન્ટ ૬૦ દિવસમાં ચુકવવાનો ભરોસો આપી, ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૬૫,૫૧,૬૬૨/– ચુકવી આપી, બાકી લેણા રૂપિયા ૭૬,૭૩,૬૫૯/– આજદીન સુધી નહી ચુકવી વિનીતકુમાર અગ્રવાલ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ લવભાઇ દેવેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૩૫)(રહે,ગંગાસદન શ્રીરામ ટેનામેન્ટ, સરદાર પટેલ ચોક, કૃષ્ણનગર) એ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૫ થી તા.૨૦/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૨૪૧૧૧૯૩૦૮ ના ધારકે લવભાઇ પટેલના મોબાઇલ ઉપર વોટસઅપના માધ્યમથી ઓનલાઇન ઇન્ડસઇન્ડ બેંકનુ કેવાયસી અપડેટ માટેની 5_6138507352686467127.apk નામની એપીકે ફાઇલ મોકલી, લવભાઇ પટેલના મોબાઇલનો એક્સેસ તથા આઇ.ડી.પાસવર્ડ તેમજ ઓટીપી નંબર મેળવી લઇ લવભાઇ પટેલના નવા નરોડા ઇન્ડસઇન્ડ બેંકના ખાતામાંથી રૂપિયા ૫,૩૫,૦૦૦/– અન્ય બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી